# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## પ્રકાશન સમિતિની ૨૪મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની પ્રકાશન સમિતિની ૨૪મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ સમિતિની બેઠક Online/Offline એમ બંને માધ્યમમાં તા.૦૬/૦૬/૨૦૨૪નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી, (સમિતિ અધ્યક્ષશ્રી) (રૂબરૂ)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, સભ્યશ્રી (Online)
(૩) પ્રિ. ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી (Online)
(૪) ડૉ. દશરથ જાદવ, સભ્યશ્રી (રૂબરૂ)
(૫) શ્રીભાવસિંહભાઈ બારડ, સભ્યશ્રી (રૂબરૂ)
(૬) પ્રો. વિનોદ કુમાર ઝા, સભ્યશ્રી (Online)
(૭) શ્રી દુર્ગાશંકર રાજગોર, સભ્યશ્રી (Online)
(૮) ડૉ. ભગવતીબેન ડાભી, સભ્યશ્રી અનુપસ્થિત
(૯) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી (Online)

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૧) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

૧. ડૉ. જે.પી.એન દ્વિવવેદીજી દ્વારા રાચિત - સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ "न्यायदर्शन के सिद्धान्त एवं लोकधर्म"ની આંતરિક સમીક્ષાના આધારે બાહ્ય સમીક્ષા કરવા સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીના સૂચનો-**

૨. યુનિવર્સિટી શૈક્ષણિક ગુણોત્કર્ષ વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત વિશેષ પ્રકાશન કરવા ભલામણ છે.

૩. પ્રો.વિનોદ કુમાર ઝાજીની અધ્યક્ષતામાં આયોજીત "वाक्यार्थपरिषद् - ૨૦૨૧-૨૨, ડૉ.ડી.એમ.મોકરીયા અને ડૉ. જીગર ભટ્ટ દ્વારા સંપાદિત સાહિત્ય વિષયક "સંસ્કૃત સાહિત્યમાં ગુજરાતનું યોગદાન" અને ડૉ. વિપુલભાઈ જાદવ દ્વારા સંપાદિત વેદ વિષયક "वेदाध्ययनम् आधुनिकसमाजश्च"ની કામગીરી ઝડપથી થાય તે માટે ભલામણ છે.

આ બેઠકની કાર્યનોંધને અગ્રિમ AC/ECની બેઠકમાં લઈને તેની બહાલી/મંજૂરી મેળવવા ભલામણ છે. બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી